# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કહે છે પરિવાર પણ મન-વિચારે નોખા છે
ઝગડે અંદરોઅંદર કરે એકમેક કખા છે
બખા છે ખાયકીના સંબંધોમાં સાવ ધોખા છે
અભરખા વ્હાલા થવાના કેબીનેટમાં ડખા છે

## હાઈકુ

તપાસ પંચો
કોર્ટ કાયદા ભીંસે
પિસાય પક્ષ

પડે છે નાના
કદ ને પ્રતિભામાં
રાષ્ટ્રના પતિ

## ચિંતન

**સજ્જનસ્ય હૃદયં નવનીતં યુધ્ધદન્નિ કપયસ્તદલીકમ્ ।**
**અન્ય દેહ વિલસત્યરિતાપાત્ સજ્જનો દ્રવતિ નો નવનીતા ॥**

'સજ્જનનું હૃદય માણસ જેવું છે એવું કવિજનો-રસિકજનો કહે છે પણ એમનું કહેવા યથાર્થ - સત્ય નથી આ તો ખોટું આળ (ઉપમા) છે. સજ્જનનું હૃદય પારકાનું દુ:ખ જોઇને પણ દ્રવિત થઇ ઉઠે જયારે માણસને કંઇ જ અસર થતી નથી.'

સંવેદનશીલ, લાગણીશીલ સજ્જનો, સામી વ્યક્તિનો ચહેરો-આંખના ભાવ વાંચીને પણ તેની માનસિક વેદના વાંચી શકે છે અને તરત તેને શી તકલીફ છે તે જાણવા અને ઉકેલવામાં મદદરૂપ થાય છે. સજ્જનનું આ લક્ષણ છે.

આજના યુગમાં દોડાદોડી-સ્વાર્થ-પોલીસનો ડર અને કોર્ટ-કાયદાના લફરાંની બીકે કોઇને અકસ્માત થાય-જાહેરમાં છેડતી-ખૂન થાય તો પણ મદદ કરવી તો બાજુએ રહી પણ 'સાક્ષી' થતાં પણ લોકો ભાગે છે. આમાં હૃદય 'દ્રવિત' થાય એવા સજ્જનો શોધવા જતાં માંડ મળે છે.

સાથે પશુ-પંખી, અને દુ:ખી દર્દીની ઢોલ-વગાડ્યા વિના પણ સેવા કરનારા સજ્જન આ સમાજમાં આજે પણ છે જે ગુપ્ત રીતે શક્ય એટલી સહાય દીન-દુ:ખીને પહોંચાડે છે.

સજ્જનના હૃદય તો માખણ કરતાં પણ વધારે સંવેદનશીલ છે.

## સુવિચાર

- આવેગોને વશ થઇને માણસ જે કૃત્ય કરે, તો પણ તે પોતે જ જવાબદાર છે, કારણ કે તે માત્ર પોતાના વર્તન માટે જવાબદાર છે **- પોલ સાત્રે**
- આદર્શવાદ અને વાસ્તવાદ વચ્ચે સમન્વય હોય તો મનુષ્ય અધિક સાતત્ય, ચીવટ અને ધીરજથી લક્ષ્યપ્રાપ્તિ કરી શકે છે **- શ્રી ગોલવલકર**
- નિયમપાલન, સમયપાલન અને દૃઢતા એ જીવનનો મૂળ મંત્ર છે- **ડો. શિવાનંદ અધ્વર્યુ**
- ભીડ બહાર નથી, પણ અંદર છે મનમાં અને હૃદયમાં **- ઓશો**
- ખરો ધ્યેયવાદી પતંગની જેમ નહીં પણ વૃક્ષની જેમ ઉપર ચઢે છે. જેના પગ ધરતી પર મંડાયેલા રહે છે **- વિમલા ઠાકર**
- વાત્સલ્ય ભાવ એ જીવનનો શ્રેષ્ઠભાવ છે જયારે એ ભાવ જગતમાંથી ચાલ્યો જશે ત્યારે નરક ઊભું થશે. **- દત્તોપંત ઠેંગડી**

## બોધ કથા

આજે રેડીયો-ટીવી-ટેલીફોન સાથે મેડિકલ અને સામાજિક વિજ્ઞાનની અનેક શોધોને કારણે આપણે અનેક સવલતો-સુવિધાઓ ભોગવીએ છીએ. વૈજ્ઞાનિકોએ અનેક દુ:ખો વેઠી, ભોગોનો ત્યાગ કરી આ 'શોધ' આપણા માટે કરી છે, કરી રહ્યાં છે.

ઇટાલીના ન્યુરિન વિશ્વવિદ્યાલયના રેડિયોલોજિસ્ટ મારિયો પૉંજિયો એ કેન્સરના ઇલાજ માટે અત્યારે જે રેડીયોલોજીના કિરણ - શેક આપી કેન્સર જેવો ભયંકર રોગ ને શરૂના સ્તર પર જ ડામી દઇ મટાડી દેવામાં આવે છે, તે 'રેડીયમ'ના શોધક હતા.

આ વૈજ્ઞાનિક મારિયો પૉંજિયો રેડીયોલોજીની કેન્સર પરના ખૂબ પુસ્તક વાંચ્યા પછી પણ તેમને સંતોષ ન થયો, તેથી લેબોરેટરીમાં રેડીયોલોજીના પ્રયોગ શરૂ કર્યાં. આમ છતાં તેમને સંતોષ ન થયો તેથી પોતાના અંગ પર જ પ્રયોગ કરવા લાગ્યાં.

આથી રેડીયમની અસર તેમના ડાબા હાથની આંગળી પર દેખાઇ અને તે હાથની આંગળી કપાવવી પડી. મિત્રોએ તેને આ રેડીયમના પ્રયોગો છોડી દેવા સમજાવ્યા ત્યારે તેમણે કહ્યું, મારી પાસે હજુ 'બીજી ચાર આંગળી છે!! પછી તો તેમણે ડાબો અને જમણો હાથ પણ કપાવવો પડ્યા. શરીર ક્ષીણ થવા લાગ્યું. ઇ. સ. ૧૯૫૬ માં આ મહાન માનવતાવાદી વિજ્ઞાની ૭૧ વર્ષની વયે મૃત્યુ પામ્યા અને વિજ્ઞાનના ક્ષેત્રે અમર થઇ ગયા.'

# ખલિલ જિબ્રાન તેમના પ્રિય લેખક હતા, જિબ્રાનનાં પુસ્તકોનો ભાવાનુવાદ ગુજરાતીમાં જિબ્રાનની જીવનવાણી, જિબ્રાનની જીવનવાટિકા વગેરે તૈયાર કર્યાં છે, ટાગોરની ગીતાંજલિનો પણ તેમને ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

ગુજરાત સાહિત્ય ગગના 'ધૂમકેતુ'ને ગુજરાતમાં કોણ નથી ઓળખતું? એમનું નામ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી. બાલ્યાવસ્થામાં તેમના નામ હતાં મણિરાય અને ભીમદેવ.

તેમના પૂર્વજો બગસરા ભાયાણી પાસેના કેરાળા ગામની હતા. સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણી મૂળ આ બગસરાના. એ વખતે કેરાળામાં ગાયકવાડી રાજય હતું. ધૂમકેતુના પૂર્વજોનું કુટુંબ ભાભાના નામથી ઓળખાતું. આ ભાભા કુટુંબના બે વડીલો જીવરામ બાપા અને રતનજી બાપા. બંને કેરાળા છોડીને જલારામ બાપાના વીરપુર આવેલા.

આ જીવરામ બાપાના વંશમાં ગોવર્ધનરામ જોશીનો જન્મ. એ વખતે હજી કેળવણીની શરૂઆત થઇ ન હતી. એમાં ગોવર્ધનરામ જોશી લખતાં - વાંચતાં શીખેલાં. એમનું શરીર સૌષ્ઠવ પર સારું હતું. એમને ગાયકવાડ સરકારની પોલીસ ખાતાની નોકરી મળી. પણ જીવરામ બાપાને બ્રાહ્મણનો દીકરો સિપાહી બને તે ન ગમ્યું. તેમણે ગોવર્ધનરામ જોશીને સાવરકુંડલા બ્રાહ્મણના કર્મકાંડ શીખવા મોકલ્યા. પણ તેમને પલટાતા જમાનામાં કર્મકાંડ બહુ ઉપયોગી થાય તેમ ન લાગ્યું. એના બદલે કોઇ ઉપયોગમાં આવે એવી વિદ્યા શીખવાનો વિચાર કર્યો.

ધૂમકેતુનો વિદ્યાભ્યાસ વીરપુરમાં શરૂ થયો. નિશાળે જવાનું બહુ ન ગમે. તડકે બેસીને શરીર તપાવે, તાવ આવ્યો છે એવું બહાનું બતાવી નિશાળમાં રજા પાડે.

પિતા ગોવર્ધનરામ જોશીએ ઘરમાં કેટલાક પુસ્તકો વસાવેલા, કાષ્ઠના ઘોડા, ગુલ બંકાવલિ, સુંદર કામદાર, ખૂડખૂડિયા અને બારોટ કૃત ગુજરાતનો ઇતિહાસ. ભીમદેવ - મણિરાય નિશાળમાં રજા પાડીને આ બધાં પુસ્તકો વાંચે.

એમની પ્રિય પ્રવૃત્તિ હતી. ભેંસો ચરાવવા જવું. એ સમયે રઝળપાટમાં કુદરતમાં રહેવાનું મળે. ધરાઇને લીલોતરી જોવા મળે. ટૂકમાં કુદરતનાં સૌંદર્યને માણવાનું મળે. તો શા માટે નિશાળની ચાર દિવાલો વચ્ચે બેસવું?

મોટાભાઇ રામજીભાઇના લગ્ન થયા. મોંઘી ભાભી આવતાં ઘર ભર્યું ભર્યું બની ગયું. સાસુ વહુનો સંબંધ જાણે કે મા અને દીકરી જેવો. ભાભી લગ્ન થયાં ત્યારે કરિયાવરમાં એક ગાય લઇને આવ્યા. એ ગાયનું નામ પાડેલું ધામેણી. એ સમયે દીકરી સાસરે જાય ત્યારે ગાય કે વાછડી આપવાનો રિવાજ હતો. એને ચરાવવા માટે મણિરાય જાય. એ રીતે પણ કયારેક નિશાળમાંથી છૂટ લઇ લેવાતી.

એક દિવસ ભાભીએ કહ્યું, "મણિભાઇ તમે મને ભણાવો. મારે પણ તમારી જેમ વાંચતા શીખવું છે. ભાભીને જો ભણાવવા હોય તો પોતે પણ નિયમિત નિશાળે જવું પડે. એમને હવે ભણવામાં બહુ રસ પડવા લાગ્યો. ભાભીના દિયેર એવા શિક્ષક બન્યા કે ટૂંક સમયમાં ભાભીને વાંચતાં આવડી ગયું. ભાભી વાંચે અને સાસુજી પણ સાંભળે."

નાનપણમાં વાચનનો શોખ તો પડેલો. જે વાંચ્યું હોય તે વિશે વિચાર કરે, પિતા પણ થોડા સાહિત્ય રસિક હતા. તેમણે સુવાક્યોની એક નોંધ તૈયાર કરી. મણિરાયના વાંચવામાં તે આવી. પોતાને પણ કાંઇક મૌલિક લખવાનું મન થયું. પિતાએ પણ ઉત્તેજન આપ્યું.

ઉંમર વધવાની સાથે પ્રવૃત્તિઓ વધવા માંડી. નાનું પુસ્તકાલય ઘરમાં ઊભું કર્યું. આયુર્વેદના પુસ્તકો પણ તેમાં હતા. ભાભીને નિયમિત ભણાવવાનાં અને પોતે પણ ભણવાનું. પડોશમાં વ્રજભાષાના એક અભ્યાસી કવિ રહેતા. તેમનું નામ પણ ગૌરીશંકર. મણિરાય કરતાં ઉંમરમાં મોટા, પણ તેમની કવિત્વશૈલી બહુ ગમે એટલે એમને ઘેર પણ જવાનું શરૂ કર્યું.

ગુજરાતી ભણતર પૂરું થયું. મોટી કુંકાવાવમાં મદદનીશ શિક્ષકની નોકરી ત્રણ રૂપિયાના પગારથી મળી. નિમણૂકનો આનંદ થયો. કુટુંબના સભ્યોએ છોડીને જવાનું દુ:ખ પણ થયું. માતાથી છૂટા પડતાં બહુ દુ:ખ થયું. માતા સાથે ફરીને મેળાપ નહિ થાય તેવો ત્યારે ખ્યાલ પણ ન આવ્યો. ત્યાર પછી માતાનું અવસાન થયું. વીરપુરની નિશાળમાં નૂર મહંમદ કુમઠી આચાર્ય તરીકે આવ્યા. તેમણે બાપુને વીરપુરની શાખામાં શિક્ષક તરીકે લઇ લીધા. માની ગેરહાજરીમાં જીવનમાં ખાલીપો આવી ગયો. કંઇ ગમે નહીં. નૂર મહંમદના પત્ની નિ:સંતાન હતા. તેમની પાસે બાપુ પુસ્તકો વાંચવા જાય. તેમનું નામ મરિયમ બીબી હતું. તેમણે માતાના જેવો પ્રેમ આપ્યો. માતાની વિદાયનું દુ:ખ થોડું હળવું બન્યું, પણ માની યાદ તો જીવનભર ન વિસરાઇ.

કેરાળાની 'ઉદ્‌ગાર' નામનું એક માસિક પ્રગટ થયું. તેમાં તેમનો 'શુધ્ધ મનોબળ' નામનો લેખ પ્રગટ થયો. આ લેખમાં તેમણે શુધ્ધ અને દૃઢ મનથી કરેલી ભક્તિથી પરમાત્માને પ્રસન્ન કરી શકાય, તેવો ખ્યાલ આવ્યો છે. જીવનની પળ શુધ્ધ વિચારમાં વ્યતીત કરો એવો ભાવ આ લેખમાં રજૂ થયો છે. ગૌરીશંકરે ત્યાર પછી લખેલી આત્મકથા 'જીવનપંથ' માં આ લેખનો ખ્યાલ આપવામાં આવ્યો છે. મણિરાયને આનંદાશ્રમમાં શ્રી મથુરારામ શર્માની છાયામાં આવવાથી જીવનનું ઘડતર કરવામાં લાભ થયો. સ્વચ્છતા અને વ્યવસ્થા કેવા હોવા જોઇએ તેનો આદર્શ નમૂનો બીલખાનું આનંદાશ્રમ હતું.

આ બાજુ આનંદાશ્રમમાં રહેતા ગૌરીશંકર જોશી રેશમી અબોટીયું, રુદ્રાક્ષની માળા અને પગમાં આખડી પહેરી આશ્રમની રીતભાત પ્રમાણે રહેતા. આખો દિવસ તેમના વિદ્યાભ્યાસમાં પ્રવૃત્ત રહેતા. ગૌરીશંકર ભટ્ટજીએ તેમની મોટી દીકરી ઉજમબહેનને મણિરાય (ગૌરીશંકર) ના મોટાભાઇ અંબાશંકરભાઇ સાથે પરણાવેલા. નાની દીકરી કાશીબહેનને ગૌરીશંકર જોશી વેરે આપવાની ભટ્ટજી ઇચ્છા થઇ આવી. સસરા અને જમાઇનું એક જ નામ હોવાને કારણે તેમને તેમનું નામ શાંતિશંકર (ધૂમકેતુ) તે સમયે ધારણ કર્યું. ત્યાર પછી મણિરાયનું ગૌરીશંકર થઇ ગયું.

બીલખામાં ચાર અંગ્રેજી સુધીનો અભ્યાસ કર્યો. કાશીબહેન સાથે લગ્ન થયાં. પાંચમી અંગ્રેજી ભણવા માટે પછી જેતપુર આવ્યાં. અહીં સાહિત્ય રસિક મિત્રોનું એક મંડળ ઊભું થયું એ લાભ થયો. તેમણે થોડા કાવ્યોનું અહીં સર્જન કર્યું.

છઠ્ઠી અંગ્રેજી ભણવા માટે પોરબંદર જવું પડ્યું. દરિયાના પ્રથમ દર્શન અહીં થયા. અંગ્રેજી નવલકથાઓ વાંચવાની શરૂઆત અહીં થઇ. અહીં ભણવાની સાથે એક ટ્યૂશન પણ રાખ્યું. ત્યાંના પોલીસવડા પારસી પંથકી સાહેબની નાની દીકરીને ભણાવવા જાય. એ રીતે આર્થિક મુશ્કેલી ઓછી થઇ. મેટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ આવ્યાં.

મેટ્રિકનું પરિણામ જાહેર થયું ત્યારે વીરપુરમાં વાહ વાહ થઇ ગઇ. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી પહેલી ટ્રાયલે સફળ બન્યા. ગોવર્ધનરામ જોશી પાસે સહુ આનંદ વ્યક્ત કરવા આવ્યાં.

જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. બી.એ. ના છેલ્લા વરસમાં પરીક્ષા પહેલાં વીરપુર વાંચવા માટે આવ્યા. પુત્રની માંદગીને કારણે થોડી ખલેલ થઇ. તેમ છતાં હિંમત હાર્યા વગર મહેનત ચાલુ રાખી. એ સમયે સ્નાતકના છેલ્લા વરસની પરીક્ષા આપવા માટે મુંબઇ જવું પડતું.

ટૂંકી વાર્તા સિવાય તેમણે નવલકથાઓ પણ લખી છે. પૃથ્વીસ, રાજમુગટ, મલ્લિકા, અજિતા - તેમની સામાજિક નવલકથાઓ છે. તેમણે સમગ્ર ચૌલુક્ય અને ગુપ્ત યુગને ઊભો કરે તેવી નવલકથાઓ આપી છે. તેમની નવલકથાઓએ પણ વાર્તાઓ જેવું આકર્ષણ જમાવ્યું. મુનશીએ 'જય સોમનાથ' નામની તેમની નવલકથામાં ચૌલાદેવીની એક અવિસ્મરણીય મૂર્તિ ખડી કરી દીધી છે. ધૂમકેતુએ ચૌલાદેવી નામની એક નવલકથા લખી.

ખલિલ જિબ્રાન તેમના પ્રિય લેખક હતા. જિબ્રાનનાં પુસ્તકોનો ભાવાનુવાદ ગુજરાતીમાં જિબ્રાનની જીવનવાણી, જિબ્રાનની જીવનવાટિકા વગેરે તૈયાર કર્યાં છે. ટાગોરની ગીતાંજલિનો પણ તેમને ગુજરાતીમાં ભાવાનુંવાદ કર્યો છે.

પોતાનું જીવનચરિત્ર 'જીવનપંથ' અને 'જીવનરંગ' તેમણે બે પુસ્તકોમાં આલેખ્યું છે. અધૂરૂં રહેલું જીવનચરિત્ર તેમના મોટા પુત્રે 'ધૂમકેતુની ઉત્તરયાત્રા' લખી પૂર્ણ કર્યું છે.

તેમનો છેલ્લો વાર્તાસંગ્રહ 'છેલ્લો ઝબકારો' પ્રસિધ્ધ થયો. શું પોતે પામી ગયા હશે કે આ તેમની છેલ્લી વાર્તાઓનું છેલ્લું પુસ્તક હશે? તેમણે ગુજરાતના લોકોને નાનાં-મોટા ગણીને બસ્સો પુસ્તકોની ભેટ આપી.

બોંતેરમું વર્ષ હતું ત્યારે 'ધ્રુવાદેવી' નવલકથા લખાઇ રહી હતી ત્યારે તેમને હર્નિયાનો દુ:ખાવો થયો. બાવીસમી ફેબ્રુઆરી ૧૯૬૫ નાં રોજ હોસ્પિટલમાં દાખલ કરવાં પડ્યા. માંદગીએ કંઇક જુદો વળાંક લીધો. બે અઠવાડિયાની માંદગી બાદ ૧૧મી માર્ચ ગુરુવારે ૧૯૬૫ને દિવસે તેમનો સ્વર્ગવાસ થયો. કાશીબહેને તેમની સાહિત્ય ધૂનને માટે બહુ પ્રેરણા આપી. તેમનું સુખી દાંપત્યજીવન નંદવાઇ ગયું.

ગુજરાતને સાહિત્યનું ઘેલું લગાડનાર, ગુજરાતની પ્રજાએ વિવિધ રીતે ભાવભરી અંજલીઓ આપી. એ સમયનાં ગવર્નર મહેંદી નવાઝ જંગ 'ધૂમકેતુ' ને અંજલી આપવા એમના નિવાસે ગયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# માનવીને ગૂંગળાવતી એકલતાનું ચિરંતન દર્શન જેની શ્રેષ્ઠતા છે તેવી વિશ્વ સાહિત્યની કૃતિનો રસાનુવાદ

## શબ્દ સમીપે


**- નટવર હેડાઉ**

માનવ જીવનનાં વિવિધ પાસા, આધુનિક યાંત્રિક દોટનાં પરિણામ, જીવનના અને શિક્ષણના અનુબંધ, તેની વચ્ચે, કશુંક પામવા મથતા માનવીને ગૂંગળાવતી એકલતા... સતતની એકલતાનું ચિરંતન દર્શન જેમાં આપવામાં આવ્યું છે. જેના કારણે તેની શ્રેષ્ઠતા પ્રતિપાદિત થઇ છે તેવી વિશ્વ સાહિત્યની ખ્યાતનામ કૃતિ "Hundred Years of Solitude" એ સ્પેનિશ ભાષાની સૌથી સંવેદનાત્મક નવલકથા છે. તેનો રસાનુવાદ "સો વર્ષ એકલતાના" એ નામે રવીન્દ્ર ઠાકોર તરફથી આપણને મળે છે.

લેખક ગેબ્રિયલ ગાર્શિયા માર્કવેલની ઉપરોક્ત નવલકથા વિશે આપણા જાણીતા વિવેચક ચંદ્રકાન્ત ટોપીવાલા કહે છે કે, આ નવલકથા ક્રમ સંખ્યા વગરના વીસ પ્રકરણમાં વહેંચાયતી છે. કથા સીધી લીટીમાં આગળ નથી વધતી પણ પાત્રોની સ્મૃતિઓમાં થઇને આડી અવળી વહેતી રહી છે. કુટુંબનો પહેલો વડો જોસ આર્કાવિયો અને તેની પત્ની ઉર્સુલાના સગોત્ર લગ્ન થયાં હોય છે અને સગોત્ર લગ્નથી ડુક્કરની પૂંછડી સાથએ બેડોળ બાળક જન્મે એવા ભયને કારણે ઉર્સુલા પત્ની ધર્મ નિભાવતી નથી. પણ એકવાર મહેણું મારનાર એગ્વિલાર ને ભાલાથી ખત્ન કરી આગ ભભકો થયેલો આર્કાવિયો પત્ની પર બળાત્કાર કરે છે. આ પછી એને એની પત્નીને એગ્વિલારનું ભૂત સતાવતું રહેલાં બ્લુન્દિયાસ કુટુંબના એના મિત્રો સાથએ જંગલમાં થઇ લાંબો પ્રવાસ આદરે છે. ત્યાં આર્કાદિયોને અરીસામાં દિવાલોનાં મકાનોના નગરનું સ્વપ્ન આવે છે, અને એ માકોન્દો ગામની સ્થાપના કરે છે. માકોન્દોમાં પશુ-પંખી માણસોને પાગલ કરી નાંખે એવી ગરમીનું મોજું આવે છે. પછી અનિદ્રાનો રોગ ફેલાય છે અને બધાની સ્મૃતિ ઘસાતી ઘસાતી નાશ પામે છે. છેવટે બ્લુનિદયાસ કુટુંબમાં બાકી રહેલાં બે સભ્યો પર કુટુંબનો શાપ ઉતરે છે. પૂછડીયું બાળક જન્મે છે. અને જન્મતાવેંત પહેલે જ દહાડે એને કીડીઓ ખતમ કરી નાંખે છે.

કુટુંબ કથા દ્વારા કોલમ્બિયાની કથા દ્વારા સમગ્ર માનવજાતની કથા કહેતી આ નવલકથા એક રીતે નહીં પણ અનેક રીતે વાંચવી પડે તેવી છે. ઝટ ગળે ઉતરે એવી નથી. પણ એક વાર ગળે ઉતરી જાય તો પછી દિવસો સુધી એ જુદા જુદા માર્ગોએ લઇ જઇને ભમાવ્યા કરે એવી પ્રાણવાન છે. આથી જ પાબ્લો નેહુદા આ નવલકથાને 'દોન કિહોને' પછી નો સ્પેનિશ ભાષાનો સૌથી મોટો આવિષ્કાર સમજે છે.

૧૯૮૨માં નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર આ કૃતિના સર્જક ગેબ્રિયલ ગાર્શિયા માર્કવેલની આ કૃતિ




વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓમાં સ્થાન ધરાવે છે. ૨૦૦૩ કે ૨૦૦૪ ની વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓની મોજણીમાં તેનું સ્થાન પ્રથમ રહ્યું છે.

આ નવલકથાનું કથાવસ્તુ વાચકને સરળ રીતે સમજાય અને પાત્રોના સાંબાંધના તાણાવાણા જાણી કથાવસ્તુનો આસ્વાદ લઇ શકે તે માટે પાત્રોના સંબંધોનો ચાર્ટ અનુવાદ કરનાર રવીન્દ્રનાથ ઠાકોરે આપ્યો છે. જે નવલકથાના વિષય વસ્તુ અને કથાની વિશેષતાને સમજવામાં ઉપયોગી થઇ પડે તેવો છે. તે ઉપરાંત કથામાં આવતા કેટલાંક શબ્દોની સમજુતી પણ ફૂટડી મુકી નીચે. આપવામાં આવી છે. જેથી રવિન્દ્રભાઇનો આ રસાનુસ્વાદ ખરેખર વાંચનક્ષમ બન્યો છે. આ નવલકથાની પહેલી આવૃત્તિ ૨૦૦૮માં થયા પછી હાલમાં જ નવાં કલેવર સાથે તેનું પુન: મુદ્રણ પ્રગટ થયું છે. જેની સુંદર છપાઇ, મુખ પૃષ્ઠ અને સુંદર બાંધણી વાચકને પોતાની તરફ આકર્ષવામાં સફળ થાય તેવી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૯મી જુલાઇ

● માત્ર ૩૦ વર્ષની વયે અવસાન થયું એવા ૧૯મી સદીના પ્રતિભાશાળી કવિ, ગેલી (શેલી) ની પુણ્યતિથિ - ૧૮૨૨.

સાહિત્યાકાશમાં અમર નામના મેળવનારા આ આ કવિની કૃતિઓ આજે પણ આપણને મુગ્ધ કરે છે.



● ૯-૭-૧૯૨૫ ફિલ્મસર્જક ગુરૂદત્તના જન્મદિન.

બાઝી, આરપાર, શૈલાબ, પ્યાસા, કાગઝ કે ફુલ, ચૌદહવી કા ચાંદ, સાહિબ, બીબી ઔર ગુલામ' જેવી ફિલ્મોના સર્જક. ફિલ્મીજગતમાં વહીદા રહેમાનને ગુરૂદત્ત લાવ્યા. ફિલ્મી દુનિયાના પ્રેરણાસ્થાન.

● સીવવાના સંચાનો શોધક ઇલિયાસ હાર્વેનો આજે બોસ્ટનમાં જન્મ થયો - ૧૮૧૯.



● ૫૮.૬ સેકન્ડમાં ૧૦૦ મીટર તરનારો પહેલો તરણવીર જહોની વેસમુલરની જન્મતિથિ - ૧૯૨૨.

# સીસ્ટરની વાત સાંભળતા સોનબાને લાગ્યું કે દેવાની તબિયત બગડવાનું મુખ્ય કારણ આ કંકુની કાન ભંભેરણી જ છે, સોનબા અને મુખીની નજર સમક્ષ છંછૂદર કંકુ તરવરવા લાગી, દેવાના માનસમાં આગ લગાડનાર આ મંથરા કંકુ જ છે

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૪)

**- જયંતીલાલ મકવાણા**

**(ગતાંકથી આગળ...)**

'માસી એમાં ગુસ્સો કરવાની જરૂર નથી.'

'અરે ગુસ્સો તો કરવો જ પડે ને તમે અહીં બેઠાં બેઠાં દર્દીની સેવા કરવાને બદલે ગામગપાટા મારો છો ને વળી પાછા લોકો સાથે વાદવિવાદ કરો છો.'

'ઠીક, માસી તમે શાંતિ રાખો, ચાલો હું તમારી સાથે આવુ.' એમ કહેતાં સીસ્ટર સોનબા સાથે ગયા.

સીસ્ટરે બારીએ જઇ પૂછ્યું એટલે જવાબ મળ્યો કે માસીના દીકરાને ઉપરના માળે જનરલ વૉર્ડમાં દાખલ કરેલાં છે.

સોનબા અને મુખી ઉપર ગયા અને જનરલ વૉર્ડમાં જઇને કુતૂહલતાથી નજર કરી, પરંતુ દેવાની પથારી કયાંક જોવા મળી નહીં. એટલે તેમણે સીસ્ટરને પૂછ્યું, 'બહેન, અહીં દેવા નામની કોઇ વ્યક્તિને દાખલ કરેલ છે.'

સીસ્ટરે રજિસ્ટરમાં જોઇને કહ્યું, 'માસી, દેવાભાઇની સારવાર કરનાર કોઇ હતું નહિ અને તબિયત વધારે બગડે એવું હતું. અહિં એક દાદાને દાખલ કરેલા હતા. તેમની દીકરીને તમારા દીકરા પર દયા આવતા તે દેવાભાઇની પણ સારવાર કરતી હતી.'

'એ દાદા અને દાકરી કયાં મળશે?'

'માસી, એ દાદાને સ્પૅશિયલ રૂમમાં ફેરવવામાં આવ્યાં છે.'

'મારો દીકરો મને કયાં વૉર્ડમાં મળશે!'

'આ માટે તમે સ્પૅશિયલ રૂમમાં જઇને પછો, એ દાદા પાસેથી તમારા દીકરાની માહિતી મળશે.' સીસ્ટરે કહ્યું.

સીસ્ટરનો જવાબ સાંભળતા સોનબાના ગળે ડૂમો ભરાઇ આવ્યો અને અંતે તે રડી પડ્યા ને આંસુ સારતાં સારતાં સીસ્ટરને વળગી પડ્યા. 'સીસ્ટર મારો દેવો કયાં ગયો! તે એકલો હતો કે કોઇ એની સાથે હતું.'

બોલતા બોલતાં સોનબા પોક મુકીને રડવા લાગ્યાં.

'હું અભાગણી મા છું. મા જેવી મા થઇ મારા એકના એક દીકરાની સારવાર ન કરી શકી. ઓ... દેવા... હું તને કયાં શોધું?'

સોનબાને રડતાં જોઇ ડૉક્ટર સાહેબે કહ્યું, 'માજી, આ દવાખાનું છે અહિં રડાય નહિ તમારા દેવાની સારવાર મેં જ કરી છે. તેને કોઇ ચિંતા સતાવી રહી છે. જો તમે એને ચિંતામાં રાખશો તો તે માનસિક સમતુલા ગુમાવી બેસસે અને તેને ગાંડાના દવાખાનામાં દાખલ કરવો પડશે!' ડૉક્ટરે ધીરજ આપતાં કહ્યું.

'ડૉક્ટર સાહેબ મારા દીકરાને કોઇ ચિંતા જ નથી.'

'જો માજી, જુવાન છોકરાના મનમાં શું છે તેની તમને ખબર ન પડે. આવા છોકરાઓ મનોમન મુંજાતા હોય, તે તેમની સમસ્યા વડીલ ને ન કહી શકે અને સહન ન કરી શકતા પર ચિંતા વધતા માનસિક સમતુલા ગુમાવી બેસે છે. આ તો એને સમયસર સારવાર મળી ગઇ તે સારું થયું નહિતર તેમને હેમરેજ થઇ જાત સમજયા.' ડૉક્ટર સાહેબે કડક શબ્દોમાં કહી દીધું.

'હા, પણ હવે તેની તબિયત કેમ છે?'

'આ બાબત જાણવા માટે સ્પૅશિયલ રૂમમાં દાખલ કરેલ દાદાને તમે મળશો. એટલે એ તમને તમારા દીકરાની માહિતી આપશે.' સીસ્ટરે કહ્યું.

આથી સોનબા ઉતાવળા પગે સ્પેશિયલ રૂમમાં દોડી ગયા અને ત્યાં જઇ પૂછ્યું, 'સીસ્ટર, અહીં એક દાદાને દાખલ કરેલા છે ને!'

'માસી, એ દાદાનું નામ ઠામ તો હશે ને!'

'દાદાના નામની તો ખબર નથી.' સોનબાએ ઉદાસ ચહેરે કહ્યું.

'તો પછી કઇ રીતે બતાવું અહિ તો મોટી ઉંમરના બે-ત્રણ દાદા સારવાર લઇ રહ્યાં છે.' સીસ્ટરે કહ્યું.

'આથી સોનબા ચિંતા કરવા લાગ્યા ને વિચારે ચઢી ગયાં હવે દેવાની તપાસ કયાં કરવી.'

સોનબાને ચિંતા કરતા જોઇ સીસ્ટરે પૂછ્યું. 'તમારે કામ કોનું છે?'

'આ સ્પેશિયલ રૂમમાં જે દાદાને દાખલ કરેલાં છે એ દાદાની દીકરી એ જ મારા દીકરાની સારવાર કરી છે.' સોનબાએ કહ્યું.

'હા... માસી તમે દેવાભાઇની વાત કરો છો!' સીસ્ટરે કહ્યું.

'હા... હા... સીસ્ટર તમે મારા દેવાને ઓળખો છો!' બોલતાં બોલતાં સોનબાની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા.

'હા... માસી હું અને દેવાભાઇ કૉલેજમાં એક જ વર્ગમાં ભણતાં હતા. પરંતુ મને નર્સિંગમાં પ્રવેશ મળી જતાં મેં કૉલેજ છોડી દીધેલ પરંતુ બે મહિના સુધી અમે સાથે ભણતાં હતાં.'

'સીસ્ટર... સીસ્ટર મારા દેવાની પાસે કોઇ રહેતું હતું.'

'અરે માસી, આ દાદાની દીકરી એ જ દેવાભાઇની સારસંભાળ રાખી હતી. એ દીકરી એના પિતાજીની સાથે સાથે તમારા દીકરાને પણ દવા પીવરાવતી હતી. એ છોકરી રાત-દિવસ તમારા દીકરાની સેવામાં રહેતી હતી.'

'શું વાત કરો છો સીસ્ટર!' સોનબા નવાઇ પામતાં બોલ્યાં.

'મારી, તમારો દીકરો માનસિક રીતે મગજ પરનો કાબુ ગુમાવી બેસતાં તે બકબકાટ કરતા કહેતો, 'કંકુ... કંકુ... બોલતાં... બોલતાં મારવા દોડતો.''

'કોણ મારો, દેવો મારવા દોડતો!'

'હા, તમારા દેવાએ દાદાની દીકરીને કંકુ સમજી બે-ત્રણ તમાચા મારી દીધેલા પરંતુ દાદાની દીકરી સમજણી હતી એટલે મૂંગા મોઢે સહન કરી ગમ ખાઇને રહી ગઇ.'

કંકુનું નામ સાંભળતા સોનબા અને મુખી અવાક બની ગયા. પછી મુખીએ કહ્યું, 'સોનબા, તારી વાત સાચી છે. આ કંકુડીએ જ દેવાની કાન ભંભેરણી કરી લાગે છે!'

(અનુસંધાન પાના નં. ૬ પર)